ખાસ જરૂરી

ક્રમાંક: ઙ-૨/સ્કો/૨૦૨૦-૨૧/૧૮૩૮૧
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
બ્લોક નં: ૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર
તા.૦૮/૦૭/૨૦૨૦

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ

વિષય:- Digital Gujarat Portal પરની વર્ષ: ૨૦૧૯-૨૦ની SC / ST / OBC વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક મેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાય યોજનાઓની કામગીરી પૂર્ણ કરવા બાબત (ધોરણ:૯ થી ૧૦)

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તથા આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર હસ્તકની વર્ષ:૨૦૧૯-૨૦ ની SC / ST / SEBC/ EBC / NT-DNT / Minority જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓનો અમલ Digital Gujarat Portal પર શાળાના આચાર્યશ્રીઓ પાસેથી ઓનલાઇન દરખાસ્તો મંગાવી કરવામાં આવે છે.

ઉક્ત બાબતે માધ્યમિક શાળાઓને તમામ પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની એન્ટ્રી ડિજિટલ ગુજરાત પોર્ટલમાં કરવાની, તમામ વિદ્યાર્થીઓની એંટ્રી થઇ ગયા બાદ રાજ્યકક્ષાએથી જ્યારે વિદ્યાર્થીઓના બેંક ખાતાને વેરીફાઇ કરવામાં આવે ત્યારબાદ યોજનાવાર ઓનલાઇન પ્રપોઝલ બનાવવાની સૂચનાઓ જિલ્લાની SC / ST / OBC કચેરીઓએથી અગાઉ આપવામાં આવેલ છે તેમ છતા ઘણા આચાર્યશ્રીઓ દ્વારા શિષ્યવૃતિની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ નથી. આમ તમામ આચાર્યશ્રીઓને પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરાવવા આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે.

શાળાકક્ષાએ વિદ્યાર્થીઓની એંટ્રી કરવાની કામગીરી, પ્રપોઝલ બનાવવાની કામગીરી, પ્રપોઝલને ઓનલાઇન સેન્ડ કરવાની કામગીરી સહિતની તમામ કામગીરી તા:૧૫/૦૭/૨૦૨૦ સુધીમાં પૂર્ણ થઇ જાય તે મુજબ આયોજન કરવાનુ રહેશે. વધુમાં શાળામાં પાત્રતા ધરાવતા કોઇપણ વિદ્યાર્થી શિષ્યવૃતિથી વંચિત રહી ન જાય તેની પણ કાળજી લેવાની રહેશે. ડિજિટલ ગુજરાત પોર્ટલની કામગીરીને સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ જે તે ખાતાના જિલ્લા અધિકારીશ્રીના સંપર્કમાં રહીને સંબધિતો પાસેથી તાત્કાલિક કામગીરી પૂર્ણ કરવા જણાવામાં આવે છે.

વધુમાં ચાલુ વર્ષથી તમામ જિલ્લાઓમાં E-Kuber પધ્ધતિનુ ઇમ્પ્લીમેન્ટેશન શરૂ થયેલ હોય ચાલુ વર્ષથી જે વિદ્યાર્થીઓના ખાતા "Dormant / Freeze / Inactive" થયેલ હશે કે જે વિદ્યાર્થીઓની બેંક ખાતા/IFSC Code ની વિગતો ખોટી નાખવામાં આવેલ હશે તેવા વિદ્યાર્થીઓને અગાઉની પધ્ધતિ મુજબ બેંક ડ્રાફ્ટ મળી શકશે નહિ તે અંગેની જાણ સંબધિત આચાર્યશ્રીને કરવાની રહેશે.

જે વિદ્યાર્થીઓના ખાતા "Dormant / Freeze / Inactive" થયેલ હશે કે જે વિદ્યાર્થીઓની બેંક ખાતા/IFSC Code ની વિગતો ખોટી નાખવામાં આવેલ હશે તેની વિગતો જે તે આચાર્યશ્રીએ શાળાના લોગીનમાં જઇ ને

1032

"Utility → Update Payment Failed Student Account " મેનુમાંથી સુધારવાની રહેશે અને હાયર ઓથોરીટીને સેન્ડ કરવાની રહેશે. (જે વિદ્યાર્થીઓના ખાતા "Dormant / Freeze / Inactive" થયેલ હોય તેવા વિદ્યાર્થીઓના ખાતા સંબધિત બેંકનો સંપર્ક કરી Active કરાવવાના રહેશે. જો ખાતા Active કરાવ્યા વગર ફરી હાયર ઓથોરેટીને સેન્ડ કરી દેવામાં આવશે તો તેવા વિદ્યાર્થીઓને ફરી ઓનલાઇન પેમેન્ટ થઇ શકશે નહિ. )

વધુમાં વિદ્યાર્થીઓના બેંક ખાતાની વિગતો સમયમર્યાદામાં સુધારવામાં આવશે નહિ તો તેવા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિનુ ચુકવણું થઇ શકશે નહિ તે અંગેની માહિતી તમામ આચાર્યશ્રીઓને તાત્કાલિક આપવાની રહેશે અને સમયમર્યાદામાં આવા વિદ્યાર્થીઓના ખાતાની વિગતો અપડેટ થઇ જાય તે મુજબનુ આયોજન કરવાનું રહેશે. આમ તમામ જિલ્લા અધિકારીશ્રીઓને ઉક્ત બાબતો ધ્યાને લઇ સમયમર્યાદામાં દરખાસ્તો મોકલી આપવા તેમજ વિદ્યાર્થીઓના ખાતા અપડેટ કરવા અંગેની કામગીરીનુ આયોજન કરવા જણાવવામાં આવે છે.

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર.

પરિપત્ર નં :- 515

ક્રમાંક:પ્રાથમિક/શિષ્યવૃત્તિ/૨૦૨૦-૨૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી
તા.૧૩/૦૭/૨૦૨૦

ઉપરોક્ત પરીપત્ર જાણ તથા તાત્કાલિક અમલ સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
આ જીલ્લાની માધ્યમિક શાળાઓ તમામ
જિ.અમરેલી

Scanned with CamScanner